ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા

# વડોદરા અગ્નિશમન વિભાગમાં નવી ભરતી : 92 ઉમેદવારોની પસંદગી

**કાર્યક્રમમાં** મ્યુનિસિપલ કમિશનર, ફાયર વિભાગ સહિતના ઉચ્ચ અધિકારીઓએ હાજરી આપી



(પ્રતિનિધી) વડોદરા, તા.12
વડોદરા મહાનગરપાલિકા દ્વારા અગ્નિશમન અને તાત્કાલિક સેવા વિભાગમાં નવી સીધી ભરતી કરવામાં આવી છે. જેમાં કુલ 92 ઉમેદવારોને સૈનિક ફાયરમેન અને સબ ફાયર ઓફિસર તરીકે પસંદગી મળી છે. આ તમામ ઉમેદવારોને બુધવારે, પાલિકાની વડી કચેરી ખાતે આવેલા કોન્ફરન્સ હોલમાં, મેયર પિન્કીબેન સોની, ડેપ્યુટી મેયર ચિરાગ બારોટ, સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ ડૉ. શીતલ મિસ્ત્રી અને મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ ભરતીથી વડોદરાની ફાયર બ્રિગેડ અને તાત્કાલિક સેવા વિભાગ વધુ મજબૂત બનશે. નગરજનોને તાત્કાલિક અને ઝડપી સેવાનો લાભ મળશે. મેયર પિન્કીબેન સોનીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે "વડોદરા મહાનગરપાલિકા શહેરના નાગરિકોની સુરક્ષા માટે હંમેશા પ્રતિબદ્ધ છે. નવી ભરતી દ્વારા ફાયર બ્રિગેડની કામગીરી વધુ અસરકારક બની રહેશે."

મહાનગરપાલિકા દ્વારા પસંદગી પામેલા તમામ 92 ઉમેદવારોને વિશેષ તાલીમ આપવામાં આવશે જેથી તેઓ આપત્તિની ક્ષણે ઝડપભેર અને વ્યાવસાયિક રીતે કામગીરી બજાવી શકે. ફાયર વિભાગ શહેરમાં અનેક સજ્જતાઓ સાથે જાણમાલની સુરક્ષા માટે મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે. આ કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર, ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓ, અને સૈનિક ફાયરમેન તથા સબ ફાયર ઓફિસર પદે પસંદગી પામેલા ઉમેદવારોએ હાજરી આપી હતી.

## પરિવાર ચારરસ્તા પાસે મોપેડની ડીકીમાંથી રૂ.40 હજારની ચોરી

(પ્રતિનિધી) વડોદરા તા. 12
વાઘોડિયા - ડભોઇ રીંગરોડ ખાતે શરણમ ચારરસ્તા સ્થિત ઉમા પાર્ક ખાતે વૈશાલીબેન રાજેશ નારાયણકર પરિવાર સાથે રહે છે તેમની દીકરીની ફી એસ.બી.આઇ.બેકમા ભરવાની હોય તેઓ ગત તા.04માર્ચના રોજ પોતાના ઘરેથી રૂ.90,000 લઈ મોપેડ થી પરિવાર ચારરસ્તા ખાતે એસ.બી.આઇ. બેંકમાં ગયા હતા પરંતુ દીકરીનું પાનકાર્ડ નીકળેલું ન હોય ફક્ત રૂ 50,000 ડિપોઝીટ થયા હતા બાકીના રૂ.40,000 ડિપોઝીટ થયા ન હોવાથી તેઓ પ્લાસ્ટિકની કાળા રંગની થેલીમાં રૂપિયા પોતાના મોપેડની ડીકીમાં મૂકી બેંક ની બાજુમાં આવેલા વીર એન્ટરપ્રાઇઝ નામની દુકાન સામે રોડ પર મોપેડ પાર્ક કરી દુકાનમાં પાનકાર્ડ બાબતે પૂછવા ગયા હતા અને પરત આવી મોપેડની ડીકીમા જોતાં પૈસાની થેલી જણાઇ ન હતી જેથી કોઇ રૂ.40,000ની ચોરી કરી ગયું હોવાનું મહેસાણા ખાતે જોબ કરતા તેમના પતિને જાણ કરી હતી તેઓના પતિ બેચરાજી મહેસાણા ખાતેથી આવ્યા બાદ આ મામલે કપૂરાઇ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

નાગરિકોને પૂરથી બચાવવા વિશાળ કાર્ય યુદ્ધના ધોરણે હાથ ધરાયું

# વડોદરાની વિશ્વામિત્રી 100 દિવસની કાર્ય યોજના શરૂ

**કમિશનર** દિલીપ રાણાએ ઉચ્ચ અધિકારીઓ સાથે વડસર ખાતે સ્થળનું નિરીક્ષણ કર્યું



(પ્રતિનિધી) વડોદરા, તા.12
ભવિષ્યમાં પૂરની પરિસ્થિતિઓને રોકવા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને તેની મહત્વાકાંક્ષી 100 દિવસની કાર્ય યોજના શરૂ કરી છે. આ પ્રોજેક્ટમાં વિશ્વામિત્રી નદીને ચાર ભાગોમાં વિભાજીત કરવી, તેના કાંઠા પહોળા કરવા અને કાટમાળ દૂર કરવાનો સમાવેશ થાય છે. શહેરના નાગરિકોને પૂરથી બચાવવા માટે આ વિશાળ કાર્ય યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહ્યું છે.

કમિશનર દિલીપ રાણાએ ઉચ્ચ અધિકારીઓ સાથે વડસર ખાતે સ્થળનું નિરીક્ષણ કરીને કાર્ય શરૂ કરવાની વ્યક્તિગત દેખરેખ રાખી છે. વડોદરા મહાનગર પાલિકાના પ્રયાસોનો હેતુ એક વ્યાપક પૂર નિવારણ પ્રણાલી બનાવવાનો છે, જે વડોદરાને પૂરની વિનાશક અસરોથી સુરક્ષિત રાખી શકે છે.

### આ પ્રોજેક્ટ કેટલાક મુખ્ય પાસાઓમાં શામેલ

>> વિશ્વામિત્રી નદીને ચાર ભાગોમાં વિભાજીત કરવી, જેથી પાણીનો પ્રવાહ સુધારી શકાય અને પૂરનું જોખમ ઓછું થાય.
>> નદીના કાંઠા પહોળા કરવા, જેથી નદીની ક્ષમતા વધે અને ઓવરફ્લો અટકાવી શકાય.
>> કાટમાળ દૂર કરવો, જેથી પાણીનો પ્રવાહ અવરોધરહિત રહે અને આસપાસના વિસ્તારોને નુકસાન ન થાય.

# વડસરથી બિયર-દારૂના ટીન સાથે એક પકડાયો

**પોલીસે** કુલ રૂ.1લાખ ઉપરાંતના મુદામાલ સાથે કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 12
શહેરના માંજલપુર પોલીસને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે વડસર રોડ પર ઓરા હાઇટ્સના એક મકાન પાસેથી પ્લાસ્ટિકના થેલામાં રહેલા બોક્સમાથી ભારતીય બનાવટના અંગ્રેજી બીયરના અલગ અલગ બ્રાન્ડના કુલ 720 ટીન જેની આશરે કિંમત રૂ 94,320 તથા એક મોબાઈલ ફોન જેની અંદાજે કિંમત રૂ 10,000મળીને કુલ રૂ 1,04,320ના મુદામાલ સાથે એકને ઝડપી પાડી માંજલપુર પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

માંજલપુર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મળેલી બાતમીના આધારે વડસર ગાર રોડ પર આવેલા ઓરો હાઇટ્સ ખાતેના મકાન નં બી -102ના દાદર નીચે ભારતીય બનાવટના અંગ્રેજી દારુ-બિયરના વેચાણ માટે એક શખ્સે પ્લાસ્ટિકના મીણીયા થેલામાં દારુનો જથ્થો વેચાણ માટે લાવ્યો હોવાની માહિતીના આધારે પોલીસે તે સ્થળે હાજર એક ઈસમને કોર્ડન કરી તેની પૂછપરછ કરતાં તેનું નામ અર્જુન ઉર્ફે સન્ની પૂનમભાઈ મારવાડી હોવાનું તથા મૂળ, શ્રીનાથ પેટ્રોલ પંપ પાસે, કારેલીબાગ,વડોદરાનો અને હાલમાં તે મકાન નંબર બી -102, ઓરો હાઇટ્સ વડસર ગામ રોડ ખાતે રહેતો હોવાનું જણાવ્યું હતું મકાન ના દાદર પાસે પંદર જેટલા મીણીયા થેલામાં તપાસ કરતા ત્રીસ જેટલા બોક્સમાથી અલગ અલગ બ્રાન્ડના બિયરના કુલ 720 નંગ ટીન જેની આશરે કિંમત રૂ 94,320 તથા વન પ્લસ કંપનીનો જૂનો મોબાઈલ કિંમત રૂ 10,000મળીને કુલ રૂ 1,04,320 મળી આવતા આરોપી અર્જુન ઉર્ફે સન્ની પૂનમ મારવાડીને દારૂ તથા મોબાઈલના મુદામાલ સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાલિકા દ્વારા કબ્જે કરાયેલા બે પશુઓને પાંજરાપોળ ખાતે મોકલાયા

# શહેરના ખોડિયારનગર વિસ્તારમાં ગેરકાયદે 3 ઢોરવાડા તોડી પડાયા

**ખોડિયાર** નગરમાં ગેરકાયદે ઢોરવાડા ઉભા કરાયા હતા



(પ્રતિનિધી) વડોદરા તા.12
વડોદરા મહાનગર પાલિકા દ્વારા શહેરમાં ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી સતત ચાલી રહી છે. તાજેતરમાં, ખોડિયાર નગર વિસ્તારમાં ગેરકાયદે ઉભા કરાયેલા ત્રણ ઢોરવાડાઓ તોડી પાડવામાં આવ્યા, તેમજ બે પશુઓને કબ્જે કરીને પાંજરાપોળ ખાતે મોકલવામાં આવ્યા હતા. પાલિકા તંત્રને માહિતી મળી હતી કે ખોડિયાર નગર વિસ્તારમાં ગેરકાયદે ઢોરવાડા ઉભા કરાયા છે. આ માહિતીના આધારે દબાણ શાખાના અધિકારી વિજય પંચાલની આગેવાનીમાં વિશેષ ટીમ સ્થળ પર પહોંચી હતી. ટીમે હંગામી શેડથી બનેલા ત્રણ ઢોરવાડાઓ જમીનદોસ્ત કર્યા અને શેડ બનાવવા વપરાયેલ સામાન જપ્ત કર્યો.

વડોદરા મહાનગરપાલિકા શહેરમાં ગેરકાયદે દબાણો દૂર કરવા માટે સતત અભિયાન ચલાવી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે જે કોઈ પણ ગેરકાયદે ઢોરવાડા અથવા દબાણ કરશે, તેમના સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પાલિકા દ્વારા કબ્જે કરાયેલા બે પશુઓને પાંજરાપોળ ખાતે મોકલવામાં આવ્યા હતા જ્યાં તેમની યોગ્ય સંભાળ લેવામાં આવશે. આ કાર્યવાહી દ્વારા પાલિકા તંત્રે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ગેરકાયદે ઢોરવાડા અને દબાણો સહન કરવામાં નહીં આવે.

## 31 માર્ચ સુધીમાં બાકી નીકળતો કર 98 કરોડ વસૂલવા પાલિકા એકશનમા

(પ્રતિનિધી) વડોદરા તા.12
724 કરોડના બાકી કર વસૂલાતના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન એ કર વસૂલાત પર કડક વલણ અપનાવ્યું છે. 31 માર્ચની અંતિમ તારીખ સાથે, મ્યુનિસિપલ વહીવટીતંત્ર 98 કરોડના કર વસૂલાત માટે એક્શનમાં આવી ગયું છે. કોર્પોરેશનનો કર વસૂલાત પ્રત્યેનો સક્રિય અભિગમ વર્ષોથી ધાંધારી ,પાણી નો વેરો, ઘર વેરો ના ભરતા લોકોસામે કડક પગલાં લેવાની શરૂઆત કરી છે. જેથી તમામ બાકી કર તાત્કાલિક ચૂકવવામાં આવે. બાકી કરની સફળ વસૂલાતથી કોર્પોરેશનની આવકમાં વધારો થશે જ, પરંતુ તે વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ હાથ ધરવા અને વડોદરાના નાગરિકોને વધુ સારી નાગરિક સુવિધાઓ પૂરી પાડવા માટે પણ સક્ષમ બનશે. જેમ જેમ સમયમર્યાદા નજીક આવી રહી છે, તેમ તેમ VMC બાકી રકમ વસૂલવા માટે તેના પ્રયાસોને વધુ તીવ્ર ગતિ એ કામ કરી રહ્યા છે.

પોલીસે બંનેના એક દિવસના રિમાન્ડ મેળવ્યાં

# પાર્થ સુથાર હત્યા કેસમાં નાસતા ફરતા બે આરોપીની ધરપકડ

**રૂપિયાની** લેતીદેતીમાં ઓફિસમાં બોલાવીને માર માર્યા મોતને ઘાટ ઉતાર્યો હતો

(પ્રતિનિધી) વડોદરા તા.12
રૂપિયાની લેતીદેતીમાં છાણી વિસ્તારમાં આવેલી ઓફિસમાં બોલાવીને માર માર્યા બાદ યુવકને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો.જેમા મુખ્ય સહિત ત્રણ આરોપી જેલભેગા થયા છે. જ્યારે અન્ય ફરાર આરોપીને પોલીસે ઝડપી પાડી કોર્ટમાં રજૂ કરીને એક દિવસના રિમાન્ડ પણ મેળવ્યા છે. સાવલી તાલુકાના મોકસી ગામે રહેતા વિશ્વજીત કરણસિંહ વાઘેલા છાણી ખાતે ઓફિસ ચલાવી ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. તેણે પોતાની કાર પાર્થ સુથારે ભાડે ફેરવવા માટે લીધી હતી. પરંતુ આ યુવકે કાર માલિકની જાણ બહાર બારોબાર અરવલ્લી સાંઠબા ખાતે કાર વેચી નાખી રૂ. 2 લાખ બારોબાર ચાઉ કરી નાખ્યા હતા. જેથી વિશ્વજીત વાઘેલા તેની ઓફિસમા પાર્થ સુથારને બોલાવ્યો હતો ત્યારબાદ તેના મિત્રો પ્રગ્નેશ રાણા, રોનક ચૌહાણ , જયદીપ સોલંકી તથા તેનો મિત્ર રોહન સોલંકી સાથે મળીને રૂપિયાની માગણી કરતા પાર્થને ઢોર માર્યો હતો. ઉપરાંત તેને કરંટ પણ આપ્યા હતા. દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. જેથી પોલીસ દ્વારા હત્યાનો ગુનો નોંધી ગણતરીના કલાકોમાં વિશ્વજીત વાઘેલા સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પુરા થતા ત્રણ આરોપીઓને જેલ ભેગા કરી દેવામાં આવ્યા છે. ઉપરાંત ઘણા દિવસોથી હત્યાના અન્ય આરોપી જયદીપ સોલંકીને છાણી તથા તેના મિત્ર રોહન સોલંકીને ગોરવા વિસ્તારમાંથી ઝડપી પાડ્યા હતા. બંને વધુ પુછપરછ કરવા માટે કોર્ટમાં રજૂ કરતા કોર્ટે બંને 13 માર્ચ સુધીના એટલે કે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

વિવિધ દુકાનો પર ધાણી, ચણા, ખજૂર, પાપડી, સેવ અને હાયડાનું ચેકિંગ

# ઉત્તરાયણના સેમ્પલ રિપોર્ટ પેન્ડિંગ, અને હોળી-ધુળેટી પહેલાં ચેકિંગનું નાટક?



(પ્રતિનિધી) વડોદરા, તા.12
વડોદરામાં ઉત્તરાયણ પૂર્વે લેવાયેલા ખાદ્ય સેમ્પલના રિપોર્ટ હજુ જાહેર કર્યા નથી, અને હવે આરોગ્ય વિભાગ ફરી એકવાર ચેકિંગમાં ત્વરિત બન્યું છે. આવતીકાલથી શરૂ થનારા હોળી-ધુળેટીના પર્વના સંદર્ભે, શહેરમાં ખાદ્યસામગ્રીના ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરની વિવિધ દુકાનો પર આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ધાણી, ચણા, ખજૂર, પાપડી, સેવ અને હાયડાનું ચેકિંગ કરવામાં આવ્યું. આ કામગીરી નગરપાલિકાના કમિશનર દિલીપ રાણાની સુચનાથી અને અધિક આરોગ્ય અધિકારી ડો. મુકેશ વૈધના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે. પ્રાથમિક તપાસ દરમિયાન, કેટલીક દુકાનોમાં પાપડી, ભૂંગળા અને સેવમાં અપ્રમાણસર ફૂડ કલર મળ્યો. એફએસએસએઆઈના નિયમો મુજબ, આરોગ્ય વિભાગની ટીમે કલરયુક્ત ખાદ્યસામગ્રી જપ્ત કરવાની કાર્યવાહી હાથ ધરી છે. શહેરના આરોગ્ય વિભાગે ફૂડ સેફ્ટી અને હાઈજિન માટે ઉલ્લેખનીય કાર્યવાહી કરી છે, પરંતુ ઉત્તરાયણ પૂર્વે લેવામાં આવેલા ખાદ્યસામગ્રીના સેમ્પલના રિપોર્ટ હજુ જાહેર કરવામાં આવ્યા નથી.

પ્રશ્ન એ છે કે, ઉત્તરાયણના સેમ્પલ રિપોર્ટ હજુ જાહેર કેમ નથી? શું માત્ર પર્વો પહેલા દેખાવ માટે ચેકિંગની કાર્યવાહી થાય છે? જો ખોરાક અસુરક્ષિત છે, તો સીધી અને પારદર્શક કાર્યવાહી શા માટે નહીં? શહેરીજનોની આરોગ્ય સુરક્ષાની ખાતરી કરવા માટે, આરોગ્ય વિભાગને માત્ર હાલની જ નહીં, પણ અગાઉ લેવામાં આવેલી ચકાસણીના રિપોર્ટ પણ જાહેર કરવાં જોઈએ જેથી નાગરિકો અસલી હકીકત જાણી શકે.

## માણેજમાં ચોરી કરનાર ચોર તથા ચોરીના દાગીના વેચાણ રાખનાર ઝડપાયાં

(પ્રતિનિધી) વડોદરા તા.12
માણેજા વિસ્તારમાં બંધ મકાનમાંથી રૂ. 13 લાખના માલમતાની ચોરી કરનાર ચોર તથા ચોરીના દાગીના વેચાણ રાખનાર શખ્સ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. બંને પાસેથી રૂ. 2.23 લાખની માલમતા રિકવર કરીને આગળની કાર્યવાહી માટે મકરપુરા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે વેક્સીન ગ્રાઉન્ડમાં રહેતા ધર્મેશ મોરે ચોરી કરેલા દાગીના વેચવા માટે ચાલતો કિશનવાડી પારસ સોસાયટી તરફથી અજબડી મિલ આવી રહ્યો છે. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે તેની પાસેની થેલીમાં તપાસ કરતા સોના ચાંદીના દાગીના, મોબાઈલની માલમતા મળી આવી હતી. તેણે બે સાગરીતો સાથે મળીને ચોરી કરી હતી અને દાગીના ધર્મેશ લક્ષ્મણ વાઘેલા વેચ્યા હોવાનું જણાવ્યું હતું.

# વસંતારા સ્કાઈઝ બિલ્ડિંગ વિવાદ બિલ્ડરની પરવાનગી રદ કરવા માંગ

**બિલ્ડર** દ્વારા ખોદકામથી એપાર્ટમેન્ટના બે ટાવર જોખમમાં, બિલ્ડર અને પાલિકામાં અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માગ



(પ્રતિનિધી) વડોદરા, તા.12
વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા આજે મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી કે છાણી-કેનાલ વિસ્તારમાં બાંધકામ હેઠળની વસંતારા સ્કાઈઝ હાઈરાઈઝ બિલ્ડિંગની રજા ચિઠ્ઠી રદ કરવામાં આવે.

કોંગ્રેસે આક્ષેપ લગાવ્યો કે બિલ્ડરે GDCR અને CGDCR કાયદાઓની અવગણના કરી, જેના કારણે 40 પરિવારોના જીવ જોખમમાં મુકાઈ ગયા. કોંગ્રેસે માંગ કરી છે કે બિલ્ડર વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ થવી જોઈએ. જવાબદાર પાલિકા અધિકારીઓને તાત્કાલીક સસ્પેન્ડ કરવામાં આવે સાથે જ એક સમિતિ રચીને ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ તેવી જોઈએ અને રહેવાસીઓને ન્યાય મળે અને ભવિષ્યમાં આવા બનાવ ટાળવા કડક પગલાં ભરવા જોઈએ. શહેર કોંગ્રેસે આક્ષેપ કર્યો કે 125 રહેવાસીઓને હજી સુધી કોઈ સુયોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી. તેમને ક્લબહાઉસમાં રહેવું પડી રહ્યું છે, જે નિષ્ફળ આયોજનનું ઉદાહરણ છે. શહેર કોંગ્રેસે શહેર પોલીસ કમિશનર સમક્ષ પણ રજૂઆત કરી હતી અને જેથી બેદરકારી દાખવનાર વિરુદ્ધ કાયદેસર પગલાં લેવા માંગ કરી હતી.

આદિવાસીઓ પોતાના વતનમાં તહેવાર ઉજવી શકે માટે છોટાઉદેપુર, પંચમહાલ, ડાકોર સહિતની બસો મુકાશે

# હોળીના તહેવાર નિમિત્તે વધારાની બસો દોડાવશે

**મુસાફરોના** ધસારાને પહોંચી વળવા નિર્ણય લેવાયો

**75** વધારાની બસો મળી આશરે 300 થી વધુ બસો દોડાવવા માટેનું આયોજન





(પ્રતિનિધી) વડોદરા,તા.12
રંગોના પર્વ હોળી ધુળેટીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પોતાના વતનથી દૂર રહેતા લોકોને પોતાના વતન જવા માટે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ એસટી વિભાગ દ્વારા વિશેષ બસો દોડવાનું આયોજન કરવામાં આવ્યું છે. વડોદરા શહેરમાંથી એસટી ડેપો ખાતેથી 385 થી માંડી 400 જેટલી વધુ બસો દોડાવવામાં આવશે.

હોળી અને ધુળેટી ના પર્વનો આદિવાસી સમાજમાં એક અનેરૂ મહત્વ રહેલું છે. આદિવાસી સમાજના લોકો ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં ગમે ત્યાં વસવાટ કરતા હોય છે. ત્યારે વર્ષમાં હોળી અને ધુળેટીના તહેવાર દરમિયાન તે ગમે તે ખૂણામાં વસ્યા હોય પરંતુ, પોતાના માદરે વતન જતા હોય છે. અને ખૂબ જ ધામધૂમ પૂર્વક હોળી ધુળેટી પર્વની ઉજવણી કરતા હોય છે. આવા સમય ટાળે એસટી બસોમાં ભારે મુસાફરોનો ઘસારો જોવા મળતો હોય છે. ત્યારે એસટી ડેપો ખાતે આ ધસારાને પહોંચી વળવા માટે પ્રતિ વખતની જેમ આ વખતે પણ એસટી વિભાગ દ્વારા વિશેષ બસો દોડાવાનું આયોજન કરવામાં આવ્યું છે.

વડોદરા શહેરના એસટી ડેપો ખાતેથી ખાસ કરીને પંચમહાલ છોટાઉદેપુર દાહોદ ઝાલોદ ગોધરા અને ડાકોર ખાતે આ વખતે 75 વધારાની બસો મળી આશરે 300 થી વધુ બસો દોડાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. હજી પણ જો ઘસારો વધશે તો વધુ બસોની સુવિધા પણ ઉભી કરવામાં આવશે.

# બ્યુટી પાર્લરમાં પત્નીને પ્રેમી સાથે કઢંગી હાલતમાં પતિએ ઝડપી પાડી

**રોષે** ભરાયેલી પત્નીએ પતિને બચકું ભર્યું, જ્યારે પ્રેમીએ માર માર્યો

**પતિ** અને પત્ની વચ્ચે કોર્ટમાં ભરણપોષણ તથા છુટાછેડા માટે કેસ પણ ચાલે છે

(પ્રતિનિધિ) વડોદરા તા.12
વડોદરા જિલ્લાના એક ગામમાં રહેતા 37 વર્ષ યુવક ખેતીકામ કરે છે. યુવકે વર્ષ 2009 કોલેજેમાં સાથે અભ્યાસ કરતી યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. પરંતુ યુવકને તેની પત્ની સાથે મનમેળ બસતો ન હતો જેથી તેમના વચ્ચે માથાકૂટ થવા સાથે ઝઘડા થયા કરતા હતા. જેથી તેણી વર્ષ 2013થી વડોદરા ખાતે રહેતા તેના ઘરે જતી રહી હતી. ત્યારબાદ યુવક વિરુદ્ધ તેની પત્નીએ સ્ત્રી અત્યાચારની ફરિયાદ નોંધાવી છે. જેનો વડોદરા કોર્ટમાં પણ ભરણપોષણ તથા ડાઈવોર્ષનો કેસ ચાલી રહ્યો છે. દરમિયાન યુવકને શક પડ્યો હતો કે તેની પત્નીનું અન્ય યુવક સાથે અફેર છે. યુવકની પત્ની આજવા રોડ પર બ્યુટી પાર્લરની દુકાન ચલાવે છે. તેને પ્રેમી અવારનવાર તેને મળવા માટે જાય છે. દરમિયાન 3 માર્ચના રોજ યુવક પત્નીના બ્યુટી પાર્લર પાસેથી પસાર થતો હતો. ત્યારે પાર્લર પાસે તેના પ્રેમીની કાર જોઇ હતી જેથી પ્રેમી તેની પત્નીને મળવા માટે આવ્યો હોય યુવક તેના મિત્ર સાથે પાર્લરમાં ગયો હતો અને રિસેપ્શન પર બેઠેલી છોકરીઓએ યુવતી ક્યા છે તેવું પુછ્યુ હતું ત્યારે ત્યાં તેઓએ દીદી દીદી બુમો પાડી હતી. ત્યારબાદ યુવકની પત્ની પાર્લરનું કામ કરવા માટે અલગથી બનાવેલી કેબિન હોવાનો શક ગયો હતો. જેથી સાડા છ ફુટ ઉચી કેબિન પર ચઢીને જોતા તેની પત્ની તથા પ્રેમી સાથે કઢંગી હાલતમાં ઝડપાઇ ગઇ હતી. જેથી યુવકે અંદર કૂદકો મારતા તેની પત્નીએ તેને બચકુ ભર્યું હતું. જ્યારે પ્રેમીએ તેને માર માર્યા બાદ ફરાર થઈ ગયો હતો. દરમિયાન સમગ્ર ઘટનાનો વીડિયો યુવકનો મિત્ર ઉતારી રહ્યો તેની પત્નીએ મોબાઈલ ઝુટવી લીધો હતો. યુવકને મારથી બચાવવા માટે આવતા મિત્ર રિવોલ્વર ચેર પરથી નીચે પડ્યો હતો. જેમા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. દરમિયાન બંને મિત્રો સારવાર માટે 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે ખસેડયા હતા. બાપોદ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.